# પ્રકરણ – ૫

## ધીરેન્દ્ર મહેતા પ્રકીર્ણ – સાહિત્ય

### (સંપાદન કાર્ય)

- રણની આંખમાં દરિયો – (૧૯૮૬)
- કાલઘટિકા – (૧૯૯૬)
- જયંતખત્રીની ટૂંકી વાર્તાઓ – (૨૦૦૦)
- ગુજરાતી કવિતાચયન – ૨૦૦૦ –(૨૦૦૩)
- વનુપાંધીની સાગરકથાઓ – (૨૦૦૯)
- ‘સુકાની’ની સાગરકથાઓ – (૨૦૧૨)

સાહિત્યિક સંપાદનનું કાર્ય ગંભીર અને જવાબદારી ભર્યું છે, જેમાં અંગત રસરુચિને કેન્દ્રમાં રાખવામાં આવતા નથી. પરંતુ સંચયને સમૃદ્ધ બનાવે તેવી જરૂરિયાત અને પ્રયોજન કેન્દ્રમાં હોય છે. કાળજીપૂર્વક થયેલા સંપાદન-સંચયો વાચકોના સમય બચાવનાર અને માર્ગદર્શક બની રહે છે.

સંપાદન માટે વિવેચક રમણ સોની નોંધે છે, 'મને અંગત રીતે આ કૃતિઓ ખૂબ ખૂબ ગમેલી છે; લો હવે તમે પણ માણો ન કોઈ પૂર્વયોજના, ન સ્પષ્ટ પ્રયોજના, ન કશી વ્યવસ્થા, આ રીતે બધુ ભેગું કરીને પ્રેસ ભેગું કરવું એટલે થયું સંપાદન'[૧] . આમ, અવતરણ ને અંતે આવતું આશ્ચર્યવિરામ વિવેચકની સંપાદનકાર્ય તરફની તીખી નજર અને ગંભીરતા વિનાના થયેલા સંપાદિત પુસ્તકો તરફ ધ્યાન દોરે છે. અને સંપાદનકાર્યની ગંભીરતના અભાવે ઉત્તમ સંપાદન સંચયો પ્રાપ્ત થતાં નથી. વિવેચક રમણ સોનીએ સંપાદનકાર્ય વિશે તેમના 'ઝટ ઝટ સંપાદનોઃ સંપાદન પ્રવૃત્તિના મૂલ્યનું 'હસ્વીકરણ' લેખમાં સંપાદકના કાર્ય વિશે ચર્ચા કરી છે. એ પ્રમાણે સંપાદકના કાર્ય આ પ્રમાણે છેઃ

- સંપાદનો મનસ્વી રીતે કરવા યોગ્ય નથી.
- અંગત રસરુચિથી દૂર રહી પ્રતીતિના પ્રશ્નો અને ઐતિહાસિકતાના સંદર્ભને ધ્યાને રાખવો જોઈએ. આમ સંપાદકનું કાર્ય પડકારરૂપ છે. કૃતિ પસંદગીનું કાર્ય પણ અભ્યાસી સૂઝ અને મથામણ વાળું હોય છે. ત્યારે સંપાદકે તટસ્થ બનીને કાર્ય કરવું જોઈએ.
- મથામણની કેફિયતમાં વિપુલમાંથી અમુક છોડી દીધું છે. તેના ક્રમને યોગ્ય પ્રવાહમાં રજૂ કરી અભ્યાસલેખ કરવો આનિવાર્ય છે.
- મૂળસ્રોત સુધી જવાની નિષ્ઠા રાખવી જેથી ગંભીર ભૂલો થતી અટકે છે.
- સંચિત કરેલી પ્રત્યેક કૃતિ નીચે કૃતિના મૂળ સ્રોતની નોંધ અનિવાર્ય પણે હોવી જોઈએ.
- આ સિવાય પરિશિષ્ટમાં જે-તે કૃતિના લેખકનો પરિચય મૂકી શકાય.

આમ, જે-તે સંપાદનને અનુરૂપ જરૂરીયાત અને પ્રયોજનને ધ્યાનમાં રાખી સંપાદન કાર્ય કરવું જોઈએ. આ સિવાય તેઓ તો સંચયના આવરણચિત્રો પણ અર્થપૂર્ણ હોવા

જોઈએ તેવો સુક્ષ્મ નિર્દેશ કરે છે. ત્યારે ધીરેન્દ્ર મહેતાના સર્જનાત્મક કાર્ય બાદ, તેમની સંપાદન પ્રવૃત્તિમાં સાહિત્યિક સૂઝ કેવી રીતે દ્રિષ્ટગત થાય છે તેની તપાસ ઉપરના મુદ્દાઓનો આધાર અહી રજૂ કરવામાં આવી છે.

ધીરેન્દ્ર મહેતાના સંપાદિત પુસ્તકોની સંખ્યા છ છે. જેમાં કથાસાહિત્ય સ્વરૂપના ચાર (૪) સંપાદનો, કાવ્યચયન એક (૧), અને એક (૧) માત્ર સામાજિક દ્રષ્ટિએ થયેલ વ્યાખ્યાનોનું સંપાદનનો સમાવેશ થાય છે. જેની તેના પ્રકાશિત થયેલ સમય અનુસાર તે વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે.

❖ *'રણની આંખમાં દરિયો' :– (પ્ર.આ.-૧૯૮૬, બી.આ.-૨૦૧૧)*

આ વાર્તાઓનું સંપાદન છે. જેના મુખપૃષ્ઠ ઉપર રણપ્રદેશમાં ફરતા ઊંટનું ચિત્ર કચ્છપ્રદેશ તરફ અંગુલિનિર્દેશ કરે છે. ધીરેન્દ્ર મહેતા કચ્છના લેખકોએ લખેલી પ્રદેશ વિશેષના લાક્ષણિક પરિવેશ અને પરિસ્થિતિને કેન્દ્રિત કરતો આ વાર્તા સંચય છે. જેમાં પ્રથમ આવૃત્તિ સમયે પંદર (૧૫) વાર્તાઓ અને બીજી આવૃત્તિ સમયે બે (૨) વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરવાળે સતત સત્તર (૧૭) વાર્તાઓનો સંચય બની રહે છે. ' અગાધ ..... અફાટ..... અનંતની વચ્ચે !' સંપાદકીય લેખમાં ધીરેન્દ્ર મહેતા આ સંપાદન સંચય વિશે જણાવતા નોંધે છે કે 'રણ સમુદ્ર અને વારંવાર પડતા ભીષણ દુષ્કાળનો અહીંના પ્રજાજીવન ઉપર ઊંડો પ્રભાવ જેમાં કલાત્મક તથા વિશિષ્ટ દ્રષ્ટિબિંદુથી વ્યક્ત થયો છે. તેવી કૃતિઓ પસંદ કરવાનો અભિગમ રાખ્યો છે.'[૨] આમ જે વાર્તાઓમાં રણપ્રદેશ, સમુદ્ર અને દુષ્કાળનો પરિવેશ વાર્તાઓમાં પ્રતીક, વાતાવરણ કે પાત્રના મનોગતને નિરૂપવામાં ઉપયોગી બની રહ્યા છે. તેવી વાર્તાઓનો સંચય બની રહે છે. વિષયવસ્તુના ક્ષેત્રમાં તે રસપ્રદ તો ખરો જ. પ્રસ્તુત સંપાદનમાં એક સર્જકની બે વાર્તાઓનો પણ સમાવેશ હાથ ધર્યો છે. જેમ કે; વીનેશ અંતાણી – 'તરસના કૂવાનું પ્રતિબિંબ' અને 'સાંઢણી' વાર્તા, જયંતખતત્રી- 'હું ગંગી અને અમે બધા' અને 'ખરા બપોરે' વાર્તા, મનુભાઈ પાંધી- 'ફીણોટા' અને 'ભૂરીયું' વાર્તા, વનુપાંધીની- 'હરિની હોડી' અને 'સુરખાબ' વાર્તા અને ગોતમ શર્મા- 'રેતના ફૂલ' અને 'દુષ્કાળના ગર્ભમાં' વાર્તા.

વાર્તા શીર્ષકને જોતા રણ, દુષ્કાળ, ઊંટ જેવા કચ્છ પ્રદેશના પરિવેશનું સ્મરણ થાય છે. જેમાં 'સુકાની' ચંદ્રશંકર બૂચની 'સાગવાનનું હૈયું' અને માવજી મહેશ્વરીની 'રણ' વાર્તાઓનો સમાવેશ યોગ્ય બની રહે છે. આ બંને વાર્તાઓના સમાવેશ દરમ્યાન ધીરેન્દ્ર મહેતા નોંધે છે, 'ટૂંકી વાર્તાઓના આપણે ત્યાં થયેલા ચયનોમાં 'સુકાની' ની વાર્તા નજરે નથી પડી. આ આવૃત્તિમાં એમની આ વાર્તા સમાવી છે તે વિચારને એ રીતે મોકળો કરીને કે કચ્છનો દરિયો, એનાં દરિયાઈ મનેખ, એનાં વહાણો અને વહાણવટાને લગતી વિગતોનો વિનિયોગ તો એમાં થયેલો છે.' તથા 'ચિત્રાત્મક વર્ણનો અને કચ્છી ખારવી બોલીનો ઉપયોગ, આ બે લક્ષણોને લઈને પણ આ વાર્તા ધ્યાન ખેંચશે.'[3] અહી સંપાદકની વાર્તા પસંદગીની મથામણને તેઓ ન્યાય આપી શક્યા છે. પ્રસ્તુત સંચયમાં વાર્તાની ગોઠવણી તેના કર્તાના ઐતિહાસિક ક્રમમાં મૂકી છે. જેથી પુરોકાલીન અને સમકાલીન સર્જકનો આલેખ ઉપયોગી બની રહે. ગ્રંથસ્થ થયેલ વાર્તાઓના અંતે કૃતિના મૂળસ્રોતની નોંધ મળતી નથી. જ્યારે અગ્રંથસ્થ વાર્તાઓને અંતે કૃતિ નોંધ સંપાદકે મૂકી છે. જેમાં સંપાદકની હળવાશ દ્રષ્ટિગત થાય છે. અંતમાં પરિશિષ્ટ– ૧માં 'ગુજરાતી વાર્તા સાહિત્યમાં કચ્છના લેખકોનું પ્રદાન' હેઠળ સર્જકોના સર્જન કાર્યનો આલેખ તેમની વાર્તાકળાના પરિપ્રેક્ષ્યમાં સુદીર્ઘ લેખમાં મૂકી આપ્યો છે. તથા તેની પ્રસ્તુતિ ગુજરાત સાહિત્ય અકાદમીમાં યોજાયેલ પરિસંવાદમાં રજૂ થયેલ છે. જેમાં વિશ્લેષણાત્મક રીતે અભ્યાસ કરવામાં આવ્યો છે. સરળ અને પ્રત્યાયન ક્ષમ ભાષામાં આ લેખ જોવા મળે છે. પરિશિષ્ટ- ૨માં ધીરેન્દ્ર મહેતા 'રણની આંખમાં દરિયો' સ્વરચિત કાવ્ય મૂકી આપે છે. જે અહી શા માટે ? એવો પ્રશ્ન થાય છે. પ્રસ્તુત સંપાદન એકંદરે નવા દ્રષ્ટિકોણને લઈને થયેલ હોવાથી ભાવકોને, અભ્યાસીઓને આકર્ષી શકશે. પરંતુ સંપાદકે અહી થોડી વધુ નિષ્ઠા દર્શાવી પરિશિષ્ટ- ૩માં કર્તાના જીવન અને સર્જનકાર્યની સંક્ષિપ્ત યાદી મૂકી શક્યા હોત તો તેમનો આ શ્રમ અભ્યાસીઓને વધુ ઉપકારક બની રહેતો.

❖ *'કાલઘટિકા' (૧૯૯૬) :*

આ સ્વજન સ્મૃતિ વ્યાખ્યાનોનું સંપાદિત પુસ્તક છે. કાલઘટિકા અર્થાત જે સમય વીતી ગયો છે તેને સંચિત કરવાનું કાર્ય ધીરેન્દ્ર મહેતા કરે છે. આ સંપાદન પાછળ

ધીરેન્દ્ર મહેતાનો હેતુ સદ્દ્ગત છગનલાલ ભવાનીશંકર મહેતાના ગાંધીયુગના કરેલા સમયના કાર્યોને શ્રદ્ધાંજલી દ્રશ્યમાન થાય છે. પ્રસ્તુત પુસ્તકમાં ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, પુરુષોત્તમ ગણેશ માવળંકર, સુશ્રી વિમલા ઠાકર, સ્વામી સચિદાનંદજી, ડો. જે. જે. રાવળના વ્યાખ્યાનો સમાવિષ્ટ કર્યા છે. જેમાં તેમનો સમાજ પ્રત્યેનો દ્રષ્ટિકોણ જોવા મળે છે. આ વ્યાખ્યાનો નો લાભ પ્રજાજનોને મળી શકે છે તે અર્થે સાહિત્ય સમાજ, ધર્મ, રાજકારણ, લોકકલ્યાણ, વિજ્ઞાન વિષયક વ્યાખ્યાનોને સંચિત કરવામાં આવ્યા છે. અહી તેમની સમાજ પ્રત્યેની ભાવના જોવા મળે છે. સાહિત્યિક સંપાદનોથી તદ્દન ભિન્ન એવું આ સંપાદન કાર્ય બની રહે છે.

❖ *'જયંત ખત્રીની ટૂંકી વાર્તાઓ' (૨૦૦૦) :*

ગુજરાત સાહિત્યિક અકાદમી તરફથી પ્રકાશિત થયેલ સંપાદન સંચય છે. જેનું કાર્ય ધીરેન્દ્ર મહેતાને સોપવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંચયમાં ડો. જયંત ખત્રીના ત્રણ વાર્તા સંગ્રહોમાંથી તેર (૧૩) અને એક (૧) અગ્રંથસ્થ વાર્તા પસંદગી પામી છે. માત્ર સાડા ચાર પૃષ્ઠોનો સંપાદકીય લેખ આ સંપાદન પાછળનો હેતુ સ્પષ્ટ રૂપે સિધ્ધ કરી શકતો નથી. માત્ર જયંત ખત્રીની વાર્તામાં નિરૂપાયેલ માનવસમૂહ અને તેમની સમાજ પ્રત્યેની પ્રતિબધ્ધતાનો ખ્યાલ પ્રવૃત્ત બન્યો છે. અહી સંપાદકે આ સંચયનું કાર્ય હાથ ધરતા તેઓએ આ પૂર્વે થયેલ બંને સંપાદનો વિશે નોંધ લીધી છે. 'કેટલીક વાર્તાઓ જયંત ખત્રી' (સં.) સુરેશ દલાલ. અને 'ખત્રીની શ્રેષ્ઠ વાર્તાઓ'. (સં.) ચંદ્રકાન્ત ટોપીવાળા આ બંને સંપાદનો કરતાં, પ્રસ્તુત સંપાદન જુદા પ્રકારનું છે માત્ર વિગત દર્શાવી વાત પૂર્ણ કરે છે. અહી પણ અગ્રંથસ્થ વાર્તા વિશેના મૂળસ્રોતની સામાયિકમાં પ્રકાશિત થયાની નોંધ આપવાનું તેઓ ચૂક્યા નથી.

❖ *'કવિતાચયન – ૨૦૦૦' (૨૦૦૩) :*

આ ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી પ્રકાશિત થયેલ દ્વિતીય સંપાદન સંચય છે. જેમાં ધીરેન્દ્ર મહેતા કવિતા ક્ષેત્ર પ્રવૃત્ત બન્યા છે. પ્રસ્તુત સંપાદનનું કાર્ય ભારે

જહેમત માગે તેવું બની રહ્યું હતું કારણકે તેમાં ઉદેશ ૨૦૦૦ના વર્ષમાં પ્રકાશિત થયેલ કાવ્યોમાંથી ઉત્તમ કાવ્યોની પસંદગીનું હતું. જેમાં ધીરેન્દ્ર મહેતાને સ્વરુચિના પ્રશ્નોની ચર્ચા તેમના અભ્યાસલેખમાં હળવી ભાષાશૈલીમાં મૂકે છે. આ સંદર્ભમાં તેઓ તટસ્થ રહેવાની ચર્ચા સાથે સ્વરૂચિ પણ ભળી જવાની મર્યાદા વિશે સ્વીકાર્ય બની રહે છે. એવું તેમના 'પૃષ્ઠ મર્યાદા અને એક કવિની એક જ રચના લેવાની મર્યાદા ન હોત તો મનમાં વસી ગયેલા થોડા વધુ રત્નો પણ આ છાબમાં સમાવી શક્યા હોત'[૪] એવું મમત્વ દેખા દે છે. પરંતુ તેને તેઓ ટાળી શક્યા છે. ત્યારે સંપાદક તરીકેના તેમના કર્તવ્યમાં કાવ્યત્વની શોધને જ કેન્દ્રિત કરવી જોઈએ તેવું તાટસ્થય જરૂરી છે. પ્રસ્તુત સંપાદકીય લેખમાં સમકાલીન સમયની કાવ્યરચનાઓના સ્વરૂપ સંદર્ભેના નિરીક્ષણો મૂકી આપ્યા છે. ગઝલ, ગીત, હાઇકુ, કાવ્યસ્વરૂપની ચર્ચા કરી છે. તો ગદ્યકાવ્ય અને અછાંદસ કાવ્યો વચ્ચે સ્વરૂપભેદ વિશેની અસ્પષ્ટતા સમકાલીન કાવ્યોમાં તેઓ જોઈ શક્યા છે. તથા કાવ્યસર્જન વિષયક મર્યાદાઓ અવલોકી શક્યા છે. આમ આ લેખમાં મૂલ્યાંકનપરક દ્રષ્ટિકોણ દ્રશ્યમાન થાય છે. પ્રસ્તુત સંપાદન કાવ્યલેખન પ્રવૃત્તિના પ્રવાહનો પરિચય કરાવી જાય છે.

### ❖ *'વનુપાંધીની સાગરકથાઓ' (૨૦૦૯) :*

આ વાર્તાઓનું સંપાદન છે. જેમાં સંપાદકે તેર (૧૩) વાર્તાઓનો સમાવેશ કર્યો છે. 'વનુપાંધીની સાગરકથાઓ' શીર્ષક હેઠળ સંપાદીક લેખમાં સર્જક વનુપાંધીના જીવનનો વિગતે ખ્યાલ આપ્યો છે. તથા વનુપાંધીને 'ખત્રી ઘરાણા'ના સર્જક એમ કહી સંપાદક ઓળખાવે છે. પ્રસ્તુત સંપાદકીય લેખમાં વનુપાંધીની વાર્તાઓનો આસ્વાદલક્ષી ખ્યાલ મળી રહે છે. આ સંચયમાં સંપાદકનો હેતુ માત્રને માત્ર સાગરની સૃષ્ટિને ગુજરાતી સાહિત્યમાં વિસ્તારવાનો છે. તેઓ આ સાગરકથા શું છે? તે માટે નોંધે છે કે 'સમુદ્રની સૃષ્ટિના રોમાંચક સાહસોનું વર્ણન; સાગર સ્વયંનું એક પાત્રરૂપે આલેખન, છે અને નિયતિ પણ છે એવા માનવજીવનનું નિરૂપણ દર્શાવે છે કે આવી કોમના જીવનનો કોઈ ખૂણો સમુદ્ર વિહોણો નથી. એના વર્ણનમાં વિશેષપણે સજીવારોપણનો પ્રયોગ આ સબંધને તાદ્દશ કરતો રહે છે.'[૫] આમ, ધીરેન્દ્ર મહેતા સંપાદિત રચનાઓમાં વિષયવસ્તુનું નાવીન્ય છે જ સાથે સાથે સમુદ્રનું આલેખન

લઈ સર્જનાત્મકતા ખ્યાલો એક નવી દિશામાં વિસ્તરી રહ્યા હોય એમ લાગે છે. તેઓ વધુમાં આ સંપાદન વિશે જણાવે છે કે 'એ સભ્ય સમાજમાં સુશિક્ષિત જનોમાં સાહિત્યકારોનો પણ સમાસ છે, છતાં વિશિષ્ટ અનુભવોની આ સમૃધ્ધ દુનિયાથી બહુધા દૂર રહેવાનુ એમને કેમ પરવડે છે? એનો જેવો આવડ્યો તેવો જવાબ આ વાર્તાઓ દ્વારા વનુપાંધીએ આપ્યો છે. એનું આ દ્રષ્ટિએ મહત્વ પ્રમાણીને કશી નુકતેચીની વગર, મળી તે બધી સાગરકથાઓ અહી સમાવી છે.'[૬] આમ ધીરેન્દ્ર મહેતાએ અંગત રસરૂચિને પૂર્વયોજના અને સ્પષ્ટ પ્રયોજનો સાથે આ સંપાદન તૈયાર કર્યું છે. સંચયના અંતે વનુપાંધીના પ્રગટ સર્જનની યાદી, અગ્રંથસ્થ પરંતુ સામયિકોમાં સચવાયેલી કૃતિની યાદી તથા અપ્રગટ કૃતિ વિશે માહિતી મૂકવામાં આવી છે.

### ❖ *'સુકાનીની સાગરકથાઓ'(૨૦૧૨) :*

આ ધીરેન્દ્ર મહેતા પાસેથી મળે છે ત્યારે 'વનુપાંધીની સાગરકથા'નું અનુસંધાન અહી વિસ્તરે છે. પ્રસ્તુત સૂંપાદનમાં પાંચ (૫) વાર્તા, બે (૨) લાંબી ટૂંકીવાર્તા, બે (૨) લઘુનવલનું ચયન થયું છે. ધીરેન્દ્ર મહેતાની વાંચન પ્રિયતા 'કુમાર' સામયિકના દાયકાઓ જુનાં પૃષ્ઠોમાં દટાયેલી આ લુપ્તપ્રાય રચનાઓને અહી ગ્રંથસ્થ કરી એક સર્જક અને ભાવક બંનેની ગરજ સારી છે. 'સુકાની'ની સાગરકથાઓ; ગુજરાતી સાહિત્યની અપૂર્વ અનન્ય ઘટના' એવા સુદીર્ઘ સંપાદકીય લેખમાં સત્યઘટના મૂલક કથાવસ્તુ, અસાધારણ સાહસપૂર્ણ ઘટનાઓ, સાહસશૂરા સાગરછૈયાની યશોગાથા, ઘટનાઓમાં ધબકતા પાત્રો, ગૌણ પાત્રોનું આલેખન, કથાની રાગોમાં ફરતું વર્ણનનું રુધિર, ભાષાશૈલી નિરૂપણરીતિ બધા પાસાઓની વિગતે અભ્યાસ રજૂ કર્યો છે. દરેક કૃતિને અંતે મૂળસ્ત્રોતની નોંધ મૂકી છે. જરૂર જણાય ત્યાં પૃષ્ઠને અંતે નોંધ (જે –તે શબ્દનો અર્થ) મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત પરિશિષ્ટ -૧માં સમુદ્રને લગતી પારિભાષિક શબ્દ સંજ્ઞાઓ તથા ખારવી બોલી અને કચ્છી ભાષાની શબ્દાર્થ સૂચિ મૂકવામાં આવે છે. તેમાં જુદી જુદી બાંધણીના વહાણો કે વહાણના જુદા જુદા ભાગ કે સાધનોની યાદી તથા વહાણની નામનિર્દેશવાળી આકૃતિ મૂકવામાં આવી છે. આ સિવાય વહાણના કર્મચારીયોના ક્રમ,

અફસરોના પદવીક્રમ સામુદ્રીક જહાજી ઘટનાઓ, સ્થાનો, ક્રિયાઓ એવી રસપ્રદ અને ઉપયોગી માહિતી સંપાદકની સૂક્ષ્મ સૂઝને આભારી બને રહે છે. તથા પરિશિષ્ટ – ૩માં વાર્તા આસ્વાદમાં ભાવકને ઉપયોગી બની શકે તેવી છબી અને રેખાંકન. તથા જેને દરિયાના દાનવ લ્યુકનેરની સફરની કારકિર્દીનો નક્શો તથા તેમાં ડૂબાડેલા વહાણોની યાદી સંકેત સાથે મૂકવામાં આવી છે. પરિશિષ્ટ – ૪ માં સુકાનીના જીવન વિશેની વિગતો મૂકવામાં આવી છે. પરિશિષ્ટ– ૫માં પુસ્તકો અને સામયિકો સચવાયેલ રચનાઓની યાદી મૂકવામાં આવી છે. અને અંતે આ સમગ્ર માહિતીના સંપાદન કાર્ય દરમ્યાન હે સંદર્ભ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો તેની યાદી પરિશિષ્ટ– ૬માં મૂકવામાં આવી છે. પ્રસ્તુત સંપાદનનું કાર્ય સંપાદકની આગવી નિષ્ઠા, રસ-રુચિ અને સૂઝને આભારી બની રહે છે.

આમ, ઉપરોક્ત ચર્ચાને આધારે ધીરેન્દ્ર મહેતાની સંપાદનકાર્યની પ્રવૃત્તિ બે રીતે દ્રષ્ટિગત થાય છે. એક ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી સોંપવામાં આવેલ કાર્યનો સહર્ષ સ્વીકાર કરીને, તો બીજી કચ્છ પ્રદેશના વિસરાયેલા સર્જકોના સાહિત્યની શોધનયાત્રા. આ બંને સંદર્ભે તેમને સંપાદન કાર્યમાં પ્રવૃત્ત કર્યા છે. જેમાં કચ્છ પ્રદેશ વિશેષને લઈને થયેલ સંપાદનો અન્ય કરતાં થોડા જુદા અને ગુણવત્તાની દ્રષ્ટિએ યોગ્ય બને છે.

સર્જક ધીરેન્દ્ર મહેતાની સંપાદનયાત્રા 'રણની આંખમાં દરિયો'થી આરંભાઇને 'સુકાની'ની સાગરકથાઓ સુધી વિસ્તરી છે. એ સાથે તેમની સંપાદન કાર્યની નિષ્ઠા પણ દ્રષ્ટિગત થયા વિના રહેતી નથી 'જયંતખત્રીની વાર્તાઓ', 'કવિતા ચયન' જેવા સંપાદીત પુસ્તકોમાં સંપાદકીય ટૂંકીનોંધ સંપાદક તેમનામાં રહેલ સમાજ નિષ્ઠાનું ધોતક બની રહે છે. તો કચ્છના પ્રદેશના સ્થળ, પરિવેશ તથા સાગરકથાઓને લગતા સંપાદન પુસ્તકોમાં તેમની સૂઝ પ્રવૃત્તિમય બની છે. સંપાદન કાર્ય વિશે રમણ સોની નોંધે છે, ' સંપાદક સંચયને વધુ શાસ્ત્રીય, ને ખાસ તો વધુ ઉપયોગી બનાવી શકે. પરિશિષ્ટમાં સંચિત કૃતિઓના લેખકોના ટૂંકા, છતાં જીવન અને લેખનકાર્યની આવશ્યક માહિતીને લાઘવથી સમાવતા પરિચય મૂકી શકાય. એક જ પધ્ધતિમાં ઢાળેલો ચુસ્ત હોય'[૭] - આ સંપાદક ધર્મ 'સુકાનીની સાગરકથાઓમાં ધીરેન્દ્ર મહેતા નભાવી શક્યા છે. આ ઉપરાંત સંપાદનોમાં સમાવિષ્ટ અભ્યાસ લેખની ભાષા સરળ, અને પ્રવાહિત શૈલીમાં જોવા મળે છે. અંતે તેમના આ સંપાદનો

**ભાવકોને વધુને વધુ પ્રત્યાયનક્ષમ બની રહે તેવી નિષ્ઠા, ધીરજ અને અભ્યાસશીલતા તેમના સંપાદન કાર્યમાં દ્રશ્યમાન થાય છે.**

### ❖ *સંદર્ભસૂચિ -*

**(૧) પરોક્ષે પ્રત્યક્ષે – રમણ સોની (પૃ.-૬૧)**

**(૨) રણની આંખમાં દરિયો – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૫)**

**(૩) એજન આંખમાં દરિયો – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૯)**

**(૪) કવિતા ચયન -૨૦૦૦ – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૫)**

**(૫) વનુપાંધીની સાગરકથાઓ – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૮)**

**(૬) એજન - વનુપાંધીની સાગરકથાઓ – ધીરેન્દ્ર મહેતા (પૃ.-૧૪)**

**(૭) પરોક્ષે પ્રત્યક્ષે – રમણ સોની (પૃ.-૬૩)**